# પ્રાંતિજની બેંકોમાં શિષ્યવૃતિના ખાતા ખોલાવવા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ધરમના ધક્કા ખાય છે

પ્રાંતિજ, તા. ૨૧

સરકાર દ્વારા વિદ્યાર્થીઓને મળવાપાત્ર શિષ્યવૃતિ તેમજ અન્ય લાભો વિદ્યાર્થીઓને સીધી મળી રહે તે હેતુથી સરકાર દ્વારા દરેક બેંકોને ૦ બેલેન્સથી ખાતાં ખોલવા સુચના કરવામાં આવી છે પણ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કેટલીક બેંકોની મનમાની સામે આવી.

પ્રાંતિજ સહિત તાલુકાઓમાં આવેલ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સરકાર દ્વારા મળતી શિષ્યવૃતિ તેમજ અન્ય લાભો જે તે વિદ્યાર્થીઓને સીધે-સીધો વિદ્યાર્થીઓને મળે તે શુધ્ધ હેતુથી વિદ્યાર્થીઓને નજીકની બેંકોમાં ૦ બેલેન્સથી ખાતાં ખોલવાનું કહેવામાં આવ્યું છે. વિવિધ બેંકોને પણ વિદ્યાર્થીઓના ૦ બેલેન્સથી ખાતાં ખોલવાનું સરકાર દ્વારા બેંકોને સુચન છતાં પણ પ્રાંતિજ ખાતે બેંકોનું કંઈક અલગ જ વલણ જોવા મળ્યું. વાલીઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ બેંકોમાં ખાતું ખોલાવવા જતાં જુદા જુદા કડવાં અનુભવો થયા. જેમાં સ્ટેટબેંકના મેનેજરે તો શિક્ષકોને એટલી હદે કહી દીધું કે શિક્ષકોને પગાર બીજી બેંકોમાંથી લેવાનો અને વિદ્યાર્થીઓના ખાતાં અહિ ખોલાવવા છે મલાઈ મલાઈ બીજી બેંકો ખાય ને સેવા અમારે કરવાની તો દેના ગ્રામિણ બેંક દ્વારા પણ આવો જ જવાબ મળ્યો તો કેમેરા સામે કાંઈ પણ કોઈ બેંકના મેનેજરો બોલવા તૈયાર ન હતાં. બેંક ઓફઈન્ડિયામાં ૦ બેલેન્સની જગ્યાએ ૧૦૦ રૂપિયા લઈને ખાતાં ખોલવામાં આવે છે. ત્યારે હાલ તો પ્રાંતિજમાં આવેલ બેંકોવાળા સરકારના આદેશનું જાહેરમાં ઉલ્લંઘન કરે છે. હાલ તો સરકાર દ્વારા મળતી શિષ્યવૃતિ માટે વાલીઓ વિદ્યાર્થીઓ શિક્ષકોને ધરમના ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા શિક્ષણા અધિકારી આર.એસ. ઉપાધ્યાયતથા તાલુકા શિક્ષણાઅધિકારી ટી.કે. વાઘેલા દ્વારા સ્ટેટબેંકમાં લેખિતમાં પત્ર લખી સહકાર આપવા વિનંતી કરી છે. તો હવે જોવાનું એ રહ્યું કે શું તંત્ર દ્વારા આવી બેંકો સામે શું એક્શન લેશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.





**શિલ્પાબેન પટેલ (આચાર્ય પ્રાંતિજ શાળાનં-૧) શું કહેવું છે**

અમે અમારા શાળાના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ માટે ખાતું ખોલાવવા માટે પ્રાંતિજ સ્ટેટબેંકમાં ગયા તો અમને બેંકના મેનેજરે ખાતું અહીં નહી ખુલે તેવી ચોખ્ખી ના પાડી અને કહ્યું કે તમારા સ્ટાફનો પગાર બીજી બેંકોમાંથી લો છો અને બાળકોના ખાતાં અહી ખોલવા આવ્યાં છો. મલાઈ મલાઈ બીજી બેંકો ખાય અને અમારે મજુરી કરવાની.

**સ્ટેટબેંક ઓફ ઈન્ડિયાના મેનેજર સંતોષભાઈનું શું કહેવું છે**

અમારે ઉપરથી કહેવામાં આવ્યું છે કે શિષ્યવૃતિના ખાતા ના ખોલવા અને અમારી બેંકમાંમાં જ શાળાના શિક્ષકોનો પગાર પડતો નથી તો મલાઈ મલાઈ કોઈ ઓર બેંક વાલે ખાયે ઓર મજુરી હમ લોગ કયુ કરે અને હાલ સ્ટાફનો પણ અભાવ છે અને જો બધા શિક્ષિકોના ખાતાં અહી લાવી દો તો અમે વિદ્યાર્થીઓના ખાતાં ખોલી આપીએ.

**બેંક ઓફ ઈન્ડિયાનું શું કહેવું થાય છે**

અહીં અમે ખાતા તો ખોલીએ છીએ પણ અમારા વોર્ડ પુરતાં અને અમે ખાતા ખોલતી વખતે ૫૦૦ રૂપિયા તથા વિદ્યાર્થીનું હોય તો ૧૦૦ રૂપિયા લઈને ખાતું ખોલી આપીએ છીએ ૦ બેલેન્સથી ખાતું નથી ખોલતાં.

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાનું શું કહેવું છે**

પ્રાંતિજ તથા તાલુકાની શાળાઓમાંથી આ બાબતને લઈને વાલીઓ તથા શાળાના શિક્ષકોને ફરીયાદ ઉઠવા પામી છે જેને ધ્યાને લઈને જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય દ્વારા પણ સ્ટેટબેંક પ્રાંતિજમાં પત્ર લખીને લેખિતમાં વિદ્યાર્થીને શિષ્યવૃતિ માટે બેંકમાં ખાતું ખોલવા સહકાર આપવાં વિનંતી કરી છે ત્યારે વિદ્યાર્થીના બેંકમા ખાતાં નહીં ખુલે તો સરકાર દ્વારા મળતી શિષ્યવૃતિ વિદ્યાર્થીઓને કઈ રીતે આપવી એ પણ એક પ્રશ્ન ઉભો થયો છે.

## સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા તથા દેના ગ્રામિણ બેંક મેનેજરનું કહેવું છે કે મલાઈ વગર અમે ખાતા શું કામ ખોલીએ : બેંક ઓફ ઈન્ડિયામાં ૧૦૦રૂપિયા લઈને ખાતું ખોલવામાં આવે છે

# હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે. નં-૮ પર ઠેર ઠેર ગાયોના ધણે અડિંગો જમાવતા વાહનચાલકો ત્રાહિમામ

### હાઈવે ઓથોરિટીતંત્ર કોઈ નિર્દોષના જીવ જવાની રાહ જોઈ બેઠી છે

શામળાજી, તા. ૨૧

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે. નં- ૮ પર હાઈવે ઓથોરિટી તંત્ર દ્વારા ઠેર ઠેર ટોલપ્લાઝા બનાવી વાહનચાલકો પાસેથી મોટા પ્રમાણમાં ટોલટેક્સ ઉલેચી રહ્યા છે. બીજીબાજુ વાહનચાલકોને સુવિધા પુરી પાડવામાં બેદરકારી દાખવતા હોય તેવા તેવા અનેક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હિંમતનગરથી શામળાજી સુધીના રોડની વચ્ચોવચ પશુઓ અને ગાયોના ધણે અડિંગો જમાવી દેતા અને હાઈવેના મોટાભાગનો વિસ્તાર પર કબ્જો જમાવી દીધો હોય તેમ પશુપાલકો પશુઓ સાથે પસાર થતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે હાઈવે ઓથોરિટી સહીત જવાબદારતંત્ર કોઈ નિર્દોષ વ્યક્તિ જીવ ગુમાવે કે ભંયકર અકસ્માત નિર્માણ થયા બાદ પશુઓને પાંજરે પુરશે તેવું વાહનચાલકોમાં ચિંતા પ્રસરી છે.

હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે અકસ્માતની ઘટનાઓ નિવારી શકાય તે માટે કરોડો રૂપિયાના ખર્ચે વાહનચાલકો માટે નિર્માણ કરવામાં આવ્યો છે પરંતુ આ હાઈવે પર રખડતા પશુઓએ અડિંગો જમાવી દેતા અને રોડ પર પશુપાલકો બેફિકર બની તેમના ઢોર-ઢાંખર હાઈવે પર પર રખડતા મૂકી દેતા અને અંકુશહીન પશુઓના ટોળા સાથે પસાર થતા વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી અને અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. રખડતા પશુઓ અચાનક હાઈવે પર દોડી આવતા હોવાથી અને રોડ પર બેઠેલ ગાયો ગમે ત્યારે દોડાદોડ કરતી હોવાથી જાણે રખડતા પશુઓએ હાઈવે બાનમાં લીધો હોય તેવો અહેસાસ વાહનચાલકો અનુભવી રહ્યા છે. પશુઓ સાથે અકસ્માત સર્જનાર વાહનચાલક પાસેથી પશુને સામાન્ય ઈજા પહોંચી હોવા છતાં દમદાટી બતાવી તોડ કરી વાહનચાલકોને ખંખેરવામાં આવતા હોવાનું પણ વાહનચાલકો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. હાઈવે ઓથોરિટી તંત્ર અને જવાબદાર તંત્ર દ્વારા રખડતા પશુઓને પાંજરે પુરવામાં આવે અને હાઈવે વચોવચ રખડતા ઢોર મૂકી દેનાર પશુપાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ વાહનચાલકોમાં પ્રબળ બની છે. હાઈવે ઓથોરિટીતંત્ર દ્વારા ટોલટેક્સ ઉઘરાવા ખાનગી કંપનીને કોન્ટ્રાકટ આપી દેતા મનફાવે ત્યારે ભાવ વધારો ઝીંકી વાહનચાલકો પાસેથી તગડી રકમ વસૂલી વાહનચાલકોને સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ રહેતા જવાબદારતંત્ર દ્વારા ખાનગી કંપનીને નોટિસ પાઠવી વાહનચાલકોને સુવિધા પુરી પાડવા તાકીદ કરવી જોઈએ તેવું વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.



# જુના નેસડા મર્ડર કેસની નિષ્પક્ષ તપાસ માટે એસ.પી.ને રજુઆત

પાલનપુર, તા. ૨૧

ડીસા તાલુકાના જુના નેસડા ગામના ઠાકોર યુવકની હત્યા કરાઈ હોવાની આશંકા જણાતા યુવકના પરિવારજનો આજે પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ એસ.પી.ને લેખિત રજુઆત કરી ઠાકોર યુવકના હત્યા કેસની તટસ્થ અને નિષ્પક્ષ તપાસની માંગ કરી શકમંદોને ઝડપી લેવાની માંગ કરી હતી.

ડીસા તાલુકાના જુના નેસડા ગામના અરવિંદજી ઠાકોર નામના યુવકનો મૃતદેહ છત્રાલા ગામની સીમમાંથી બનાસનદીના પટમાંથી મળી આવ્યો હતો. જે યુવકની હત્યા કરાઈ હોવાની આશંકા જતાવતા મૃતકના સ્વજનો સહિતના લોકો ધારાસભ્ય શિવાભાઈ ભૂરિયાની આગેવાની હેઠળ પાલનપુર એસ.પી.કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ મૃતક યુવકની હત્યા થઈ હોવાની સાથે ૪ આરોપીઓના નામ આપી તેઓની ધરપકડ કરી કડક પૂછતાછ હાથ ધરી મોબાઈલ ડિટેલ્સ કઢાવી નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી.ફાર્મસી કોલેજ ખાતે તાજેતરમાં વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા હેલ્ધી કેમ્પસ પ્રોજેકટ અંતર્ગત એક દિવસીય સેમીનારનું આયોજન કર્યું હતું.આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સંસ્થાઓની મહિલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ખોરાક અને મેદસ્વિતા, સ્ત્રીરોગો, ડાયાબીટીશ, એ બ્લડપ્રેશરની આંખ ઉપર અસર, પર્સનલ હાઈજીન જેવા વિષયો ઉપર સ્ત્રીરોગ નિષ્ણાંત, ડાયેટીશીયન, આંખના રોગના નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આઈએસપીઓઆર અને હેલ્થ સ્ક્રીનીંગ ટીમ દ્વારા પ્રાથમિક તબક્કાનું ચેકઅપ પણ કરવામાં આવ્યું હતું.

# મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે તેના સહભાગી પોલિસીધારકોને બોનસ તરીકે ૧૦૮૪ કરોડનું વિતરણ કર્યુ

ભારતની અગ્રણી જીવન વીમા કંપનીમાંથી એક મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સે તેના સહભાગી પોલિસીધારકો માટે બોનસ જાહેર કર્યુ છે. ૧ જુલાઈ, ૨૦૧૮થી ૩૦ જૂન, ૨૦૧૯ના સમયગાળા દરમિયાન મેક્સ લાઈફ, ઈન્શ્યુરન્સ અમલી સહભાગી પોલિસીઓ પર પોલિસીધારકોને બોનસ તરીકે રૂ. ૧૦૮૪ કરોડ ચૂકવશે, જે ગયા વર્ષે આ જ સમયગાળામાં રૂ. ૮૫૪ કરોડને અનુલક્ષી ૨૭ ટકાનો વધારો દર્શાવે છે. બોનસના વિતરણ મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સના આશરે ૧૫ લાખ સહભાગી પોલિસીધારકોને લાભ થશે.

મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સનું સહભાગી પોલિસીધારક ફંડ રૂ. ૨૬,૫૭૦ કરોડ (૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ) છે, જે ઉદ્યોગમાં સૌથી વધુ છે. અને ૧૦ વર્ષમાં ૩૫ ટકા કમ્પાઉન્ડેડ એન્યુલ ગ્રોથ રેટ (સીએજી)થી વૃદ્ધિ પામ્યું છે.

બોનસની જાહેરાત પર બોલતાં મેક્સ લાઈફ ઈન્શ્યુરન્સ ડાયરેક્ટર અને એપોઈન્ટેડ કચ્યુઅરી જોશ જોને જણાવ્યું હતુ કે અમારા સહભાગી પોલીસીધારકોને એકધાર્યા વળતરો આપવામાં વિશ્વાસ રાખીએ છીએ. બજારની સ્થિતિ છેલ્લા એક વર્ષમાં અસ્થિર રહી હોવા છતાં એ અમારા પોલિસીધારકોને સતત બોનસ આપતા રહ્યાં છીએ. કાર્યક્ષમ ખર્ચ વ્યવસ્થાપન, ઉત્કૃષ્ટ મોર્ટાલિટી અને પોર્સિસ્ટન્સી અનુભવે તેમજ ફંડ માટે મજબૂત રોકાણ વ્યૂહરચનાને લઈ આ શક્ય બનીને સ્થિર વળતરો આપી શક્યા છીએ.

### રાહતોની જાહેરાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૨ ટકાનો જીએસટી હતો. દિલ્હી સરકારમાં નાણા મંત્રાલય સંભાળનાર સિસોદીયાએ જીએસટી કાઉન્સિલની બેઠકના ભાગરૂપે કહ્યું હતું કે ૨૮ ટકા સ્લેબમાં રહેલી ઘણી વસ્તુઓ પર ટેક્સ ઘટાડવામાં આવ્યો છે. જાન્યુઆરી મહિનામાં આ વર્ષે ગ્વાલિયરના વિદ્યાર્થીઓએ એક ઝુંબેશ ચલાવી હતી. વિદ્યાર્થીઓ સેનેટરી નેપકિન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે મેસેજ લખીને આને જીએસટીની બહાર કરવા અને ફ્રી બનાવવાની માંગ કરી રહ્યા હતા. જોકે તેમણે ઉમેર્યુ હતું કે ખાંડ ઉપર સેસને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. નાણામંત્રી તરીકેની જવાબદારી હાલમાં અરૂણ જેટલીની ગેરહાજરીમાં પિયુષ ગોયલ સંભાળી રહ્યા છે. બેઠકમાં સામેલ રહેલા અન્ય પ્રધાનોએ પણ મહત્વની વાત કરી હતી. ખાંડ ઉપર સેસના સંબંધમાં કોઈ નિર્ણય કરાયો નથી. મહારાષ્ટ્રના નાણામંત્રી સુધિર મુનગંટીવાએ કહ્યું હતું કે વાંસમાં ટેક્સ સ્લેબ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક હવે કેરળમાં થશે. નાણામંત્રીનો કાર્યભાળ સંભાળ્યા બાદ પિયુષ ગોયલના નેતૃત્વમાં આ પ્રથમ બેઠક મળી હતી. પેટ્રોલમાં ઉપયોગ કરાતા એથેનોલમાં જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો છે. જીએસટી કાઉન્સિલની બેઠક પર તમામની નજર હતી.

### જવાન ઘાયલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હચમચી ઉઠ્યા છે અને સતત સુરક્ષા જવાનોને

ટાર્ગેટ બનાવી રહ્યા છે. આ પહેલા સોપિયનમાં કચડુરા વિસ્તારના નિવાસી જમ્મુ-કાશ્મીર પોલીસના કોન્સ્ટેબલ જાવેદ હમીદદારનું અપહરણ કરીને હત્યા કરી દેવામાં આવી હતી. તેમનો મૃતદેહ કુલગામના પરિવાન વિસ્તારમાં મળી આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં આ પહેલા ત્રાસવાદીઓ દ્વારા સેનાના જવાન ઔરંગઝેબનું પણ અપહરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઔરંગઝેબની પણ કરપીણ હત્યા કરવામાં આવી હતી. સેનાની ૪૪ રાષ્ટ્રીય રાયફલ રેજિમેન્ટના જવાન ઔરંગઝેબનો મૃતદેહ પુલવામાના ગુસુ ગામમાં મળી આવ્યો હતો. ઔરંગઝેબ ઈદ મનાવવા મોટ પોતાના ઘરે જઈ રહ્યો હતો ત્યારે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આજે ત્રાસવાદીઓના ગોળીબારમાં કેન્દ્રિય સુરક્ષા દળના બે જવાનો ઘાયલ થયા હતા. ત્રાસવાદીઓના ગોળીબાર બાદ ભારતીય જવાનોએ જડબાતોડ જવાબી કાર્યવાહી કરી હતી. પોલીસનું કહેવું છે કે ત્રાસવાદીઓ બામજુ ગામમાં સીઆરપીએફના જવાનો પર અનંતનાગ-પહેલગામ માર્ગ ઉપર પેટ્રોલીંગ દરમિયાન ગોળીબાર કર્યો હતો. ક્ષેત્રમાં ત્રાસવાદીઓની ધરપકડ કરવા માટે ઓપરેશન તીવ્ર કરવામાં આવ્યું છે. આ પહેલા ગુરૂવારના દિવસે કાશ્મીરના કુપવારા વિસ્તારમાં સેના અને ત્રાસવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. જેમાં સેનાના એક ત્રાસવાદીને ઠાર કરી દેવાયો હતો. ૧૫મી જુલાઈના દિવસે પણ કુપવારામાં સેના અને ત્રાસવાદીઓની ટીમ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી.

### ભારે વરસાદથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિણામ સ્વરૂપે લોકોને ઘરની બહાર નીકળવાની મંજુરી આપવામાં આવી રહી નથી. બીજી બાજુ હવામાન વિભાગે ૧૩ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. વરસાદના પરિણામ સ્વરૂપે અનેક જગ્યાઓમાં સંપર્ક ખોરવાઈ ગયો છે. ઓરિસ્સા ઉપરાંત ભારે વરસાદના પરિણામ સ્વરૂપે કેટલાક રાજ્યોમાં જળબંબાકરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પુરની સ્થિતિનો સામનો લોકો કરી રહ્યા છે. હાલમાં કેરળ અને ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે. મુંબઈ બાદ હવે મહારાષ્ટ્રના હિલ સ્ટેશનોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. પૂર્વીય અને દક્ષિણ ભારતમાં મોનસૂનનો વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. વરસાદને લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. વરસાદના લીધે અનેક ટ્રેનો ફસાઈ ગઈ છે. ટ્રેનો ઉપર હજારોની સંખ્યામાં લોકો અટવાઈ પડ્યા છે. રાયગઢ જિલ્લાથી વીડિયો મળ્યા બાદ તંત્રની ભાગદોડ વધી ગઈ છે. સાવેચતીના પણ તમામ પગલાઓ લેવાઈ રહ્યા છે.

### શેરડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમને તેમને પ્રશ્ન કરીએ છે કે અવિશ્વાસ માટેનું કારણ શું છે પરંતુ જ્યારે કારણ બતાવી શકતા નથી ત્યારે ગળે પડી જાય છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે આગામી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી વધારે મજબૂત દેખાવ સાથે મેદાનમાં ઉતરશે. રાહુલની ઝપ્પીને સંસદથી નિકળીને રેલી સુધી લઈ જવાની બાબત આગામી ચૂંટણીમાં આને મુદ્દો બનાવવનો સંકેત મોદીએ આપી દીધો છે. મોદીએ શેરડીના ખેડૂતો માટે મોટી જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે હવે શેરડીના ખેડૂતોને ખર્ચ મૂલ્ય કરતા ૮૦ ટકાનો સીધો લાભ આપવામાં આવશે. આ ગાળા દરમિયાન મોદીએ પોતાની સરકારની અવધિ દરમિયાન ખેડૂતોના હિતમાં શરૂ કરવામાં આવેલી યોજનાઓના સંદર્ભ માહિતી આપી હતી. મોદીએ કહ્યું હતું કે ૯૦ હજાર કરોડ રૂપિયા જે કોઈ અન્ય જગ્યાએ જતા રહેતા હતા તે હવે યોગ્ય વ્યક્તિની પાસે પહોંચે છે જેના પરિણામ પરિણામ સ્વરૂપે કેન્દ્ર સરકારની સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવામાં આવી છે. આ અવિશ્વાસની દરખાસ્તો એમ આવતી નથી. ૯૦ હજાર કરોડ રૂપિયાની ઉંચાપત બંધ થઈ ગઈ છે જેથી અનેક દુકાનો બંધ થઈ ગઈ છે. ખોટા કામોને કોઈ માણસ બંધ કરી દે, મફતની કમાણી બંધ થઈ જાય, ભ્રષ્ટાચારને બંધ કરી દેવામાં આવે તો તે વ્યક્તિ ઉપર વિશ્વાસ કરી શકાશે નહીં. વિપક્ષની તકલીફ એ છે કે ભ્રષ્ટાચાર અને પરિવારવાદની વચ્ચે તેઓ ઉભા છે. મોદીએ કહ્યું હતું કે ગઈકાલે લોકસભામાં તેઓ પોતાનું કામ કરી ચુક્યા છે. ગઈકાલે લોકસભામાં જે થયું તેનાથી કોઈ વ્યક્તિ સંતુષ્ટ છે કે કેમ. કોંગ્રેસ પાર્ટીના લોકોએ શું ખોટુ કર્યુ તે લોકો જાણી ચુક્યા છે. ખુરશી માટે કઈ રીતે દોડી રહ્યા હતા તે વાત લોકો જોઈ ચુક્યા છે. વડાપ્રધાનની ખુરશી સિવાય તેમને કઈ દેખાતું નથી. દેશ પણ દેખાતો નથી અને દેશના ગરીબો પણ દેખાતા નથી. તેમણે ઉમેર્યું હતું કે મોદીની પાસે દેશની જનતા અને બાબા સાહેબ આંબેડકરના બંધારણની તાકાત છે. મહાગઠબંધનની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે અહંકાર અને દમનના સંસ્કાર આજે યુવા ભારત સહેન કરવાની સ્થિતિમાં નથી.

સાઈકલ હોય કે પછી હાથી હોય કોઈપણ હોય સ્વાર્થના આ સમગ્ર સ્વાંગને દેશના લોકો સમજી ચુક્યા છે. સમય બદલાઈ ચુક્યો છે, દેશના લોકો બદલાઈ ચુક્યા છે. દેશના યુવાનોના મિજાજ બદલાઈ ચુક્યા છે. દેશની પુત્રીઓ જાગી ચુકી છે. હવે વિરોધ પક્ષો જે ક્યારેય એકબીજાને જોઈ શકતા ન હતા તે સાથે આવી રહ્યા છે પરંતુ વધારે કિચડમાં કમળ વધારે ખીલી ઉઠે છે.

મોદીએ કહ્યું હતું કે તેમની સરકારની પ્રાથમિકતા દેશના દરેક ખેડૂત પરિવારને સન્માન થાય તેની રહેલી છે. ઉત્તર પ્રદેશ સરકારની પણ આ જ પ્રાથમિકતા છે. લઘુત્તમ સમર્થન મૂલ્યમાં જે રીતે વધારો કરવામાં આવ્યો છે તેવો વધારો અગાઉ ક્યારેય પણ કરાયો ન હતો. ૧૪ પાકના સરકારી મૂલ્યમાં ૨૦૦ રૂપિયાથી ૧૮૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ખાંડ મિલો નુકસાનના બહાના ન કરી શકે તેવા પગલાં લેવામાં આવી રહ્યા છે. પહેલા પૈસા ખાંડ મિલોને આપવામાં આવતા હતા પરંતુ હવે ભાજપ સરકારે ખેડૂતોના ખાતામાં સીધી રીતે પૈસા જમા કર્યા છે અને તેમના હક આપ્યા છે. મોદીએ કહ્યું હતું કે જ્યારે જરૂર કરતા વધારે ખાંડનું ઉત્પાદન થાય છે ત્યારે ખેડુતોના પૈસા ફસાઈ જાય છે તેથી સરકારે નિર્ણય કર્યો છે કે શેરડીથી માત્ર ખાંડ જ નહીં બલ્કે વાહન માટે ઈંધણ બનાવવામાં આવશે. ઈથેનોલ નાવવાની ટેકનોલોજી નવી નથી. આના ઉપર કામ ચાલી રહ્યું છે.

### ચૂંટણી પ્રચાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરોમાંથી એક એવા મુત્તાહિદા કૌમી મુવમેન્ટના નેતા અલતાફ હુસૈનનું પ્રભુત્વ હતું. અલતાફ હુસૈન ૧૯૯૨થી લંડનમાં રહે છે પરંતુ હવે દેશની ત્રણ મુખ્ય રાજકીય પાર્ટીઓ આ શહેરમાં કોઈપણ ભય વગર પ્રચાર કરી રહી છે. કરાંચીના એક સંસદીય ક્ષેત્રમાંથી પીપીપીના ઉમેદવાર શહેલા રજાનું કહેવું છે કે કરાંચી આજે શાંતિપૂર્ણ છે. બજારો, બહુમાળી ઈમારતોમાં કોઈ દહેશત નથી. ૨૦૧૩ની સામાન્ય ચૂંટણીમાં મુત્તાહિદા કૌમી મુવમેન્ટને ૨૦માંથી ૧૬ સીટો મળી હતી. ટીકાકારોનું કહેવું છે કે આ તમામ સીટો હિંસા અને ધમકીના બળ ઉપર જીતવામાં આવી હતી. ચૂંટણીના થોડાક મહિના બાદ જ કરાંચીમાં સરકારની કઠોર લશ્કરી કાર્યવાહીથી શહેરમાં અપહરણ અને હત્યાઓના મામલાઓને ઓછી કરી દેવાની ભૂમિકા ભજવી છે. બીજી બાજુ વર્ષ ૨૦૧૬માં મુત્તાહિદા કૌમી મુવમેન્ટના નેતૃત્વમાં આવેલી તિરાડના લીધે પણ અલતાફ હુસૈનની પકડ કરાંચી ઉપર નબળી પડી છે. લંડનના હુસૈનના પ્રતિનિધિઓએ આ સંદર્ભમાં પ્રશ્નોના કોઈ જવાબ આપ્યા નથી. આ પહેલા અનેક વખત હુસૈન પોતાના સમર્થકોને હિંસા માટે ઉશ્કેરીને સ્થિતિનો લાભ લેવાનો આક્ષેપોને રદિયો આપી ચુક્યા છે. હુસૈનનો આક્ષેપ છે કે મુત્તાહિદા કૌમી મુવમેન્ટ નેતાઓને પકડી પાડવામાં આવ્યા છે. પાકિસ્તાન ઈન્સ્ટીટ્યુટ ફોર પીસ સ્ટડીના કહેવા મુજબ કરાંચીમાં જાન્યુઆરી ૨૦૧૩થી આ વર્ષે મે માં ચુંટણી સુધી હિંસાથી આશરે ૫૭ લોકોની હત્યા થઈ છે, ૩૦૦ લોક ઘાયલ થયા છે. પોલીસના કહેવા મુજબ આ વર્ષે હજુ સુધી બે હત્યાના મામલા સપાટી પર આવ્યા છે. આ ફેરફાર શહેરમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીની ૨૭૨ સીટો પૈકી ૨૧ સીટો કરાંચીમાં છે. સીટોની મોટી સંખ્યા વાળા કરાંચીમાં તમામ રાજકીય પક્ષોએ તાકાત લગાવી દીધી છે. પાકિસ્તાનની સંસદ ત્રિશંકુ રહેશે તો આવી સ્થિતિમાં કરાંચી મારફતે નાની પાર્ટીઓ કિંગમેકરની ભૂમિકા અદા કરી શકે છે. પાકિસ્તાનમાં ચૂંટણી પહેલા કરવામાં આવેલા સર્વે સાબિતી આપી રહ્યા છે કે આ વખતે ચૂંટણીમાં મુખ્ય ટક્કર ક્રિકેટરમાંથી રાજનેતા બનેલા ઈમરાન ખાનની પાર્ટી અને પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફની પાર્ટી વચ્ચે છે. નવાઝ શરીફ હાલમાં જેલમાં છે પરંતુ તેમની પાર્ટી સતત બીજી વખત ચૂંટણી જીતી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈમરાન ખાન અને નવાઝ શરીફના ભાઈ શાહબાઝ કરાંચીની સીટો પરથી લડી રહ્યા છે. ઓપિનિયન પોલમાં હાલમાં ત્રીજા સ્થાને રહેલી બેનેઝીર ભુટ્ટોના પરિવારની પાર્ટી પાકિસ્તાન પીપલ્સ પાર્ટી દ્વારા પણ પુરી તાકાત લગાવી દેવાઈ છે.

### તન દુરસ્તી ● ચોથા પાનાનું ચાલું

(૩) જો કોઈ બાળકને એમ.આર. એમ. એમ. આર.ની રસી અગાઉ મૂકી દેવામાં આવી હોય તો પણ તેને આ રસી મૂકાવો.

(૪) ઓરી – રૂબેલાની રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેની કોઈ આડઅસર થતી નથી.

(૫) બાળકોને આ રસી યોગ્ય લાયકાત ધરાવતા આરોગ્ય કાર્યકર દ્વારા આપવામાં આવશે.

(૬) આ સામૂહિક અભિયાનમાં તમારી ભાગીદારી સુનિશ્ચિત કરો.

- sgpathlab@gmail.com

### બદલીના હુકમો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આટલી મોટી સંખ્યામાં બદલીઓ તે મુદ્દો સતત ચર્ચામાં રહેવા પામ્યો હતો. જિલ્લા પંચાયતના અન્ય સંવર્ગમાં પણ બદલીનો ગંજીફો આગામી દિવસોમાં ચીપવામાં આવે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

### સીસી રોડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલાકીનુ કારણ બન્યા છે. સે-૨૧ માં શોપિંગ વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થતા ઘણાં ઠેકાણે જળબંબાકાર જોવા મળે છે. આવા સંજોગોમાં સેકટરમાં કેટલાક વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યાને ધ્યાને લઈ માર્ગોનુ ધોવાણ અટકાવવા તેમજ યોગ્ય લેવલીંગ કરવા માટે સી સી રોડનુ કામ હાથ ધરવામાં આવશે. સે-૨૧ ના કમલમ કાર્યાલય પાછળના વિસ્તારમાં તેમજ સેકટરના કેટલાક ભાગોમાં સી સી રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સે-૨૧ માં પાણી ભરાઈ જતા હોય તેવા વિસ્તારમાં યોગ્ય લેવલીંગ કરીને સી સી રોડ બનાવવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આર સી સી રોડના નિર્માણના અંતે માર્ગોને નિચાણમાંથી ઉગારી વરસાદી પાણીનો ભરાવો અટકાવવા માટે પણ આ કાર્યયોજના વિચારવામાં આવી છે.

### ધોવાણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યસનને નાથવા માટે દરેક વિભાગોને દંડ વસુલવા અને તેની જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરી વસુલ થયેલા દંડની રકમ જમા તેમની જિલ્લા પંચાયત સ્થિત કચેરીમાં કરાવવા જણાવ્યું હતું.

બેઠકમાં સસ્તા અનાજની દુકાનોની ફાળવણીનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો.

આજની આ બેઠકમાં સામાજિક ન્યાય અધિકારીતા સમિતિના ચેરમેન એલ.એન. પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, જિલ્લા પોલીસ વડા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.